સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનું મુખપત્ર

# પટેલ સુવાસ

Year : 42 ❖ Issue : 9 ❖ Retail Price ₹.35 ❖ Total Pages : 52
Annual Subscription : ₹.300/- ❖ December-2019



## રમત-ગમત એ જ શ્રેષ્ઠ કસરત

સુપર સીઈઓના સક્સેસ ફન્ડા :
મને જૂની લડાઈઓમાં નહીં, નવાં યુદ્ધોમાં રસ છે!

Savaliya
GROUP
An ISO 9001 : 2008 Company
An ISO 14001 : 2004 Company



TAKING BUSINESS TO A WHOLE NEW LEVEL

KRISH CUBICAL
ABSOLUTE CORPORATE

THALTEJ, NEAR METRO STATION

A corporate space is certainly the second home for people who work there. We, at Savaliya Group, understand this, and have built office spaces that speak about our growth story. With Krish Cubical, the best Corporate Project in Ahmedabad that offers exclusive office spaces, we invite you to be a part of this progress. Amidst the harmony of calm and serene office spaces, Krish Cubical offers the following state-of-the-art features that make it stand out:

SAVALIYA BUILDERS

701, Astron Tech Park, ISKCON Circle,
S. G. Highway, Ahmedabad - 380 015

Phone : 079 26861337, 079 40026060
E-mail : savaliya.builders@gmail.com
Web : www.savaliyabuilders.com

- The only high-rise building with 5 level parking in Ahmedabad
- 12 high-speed elevators
- Ample natural light and ventilation
- Unique square design that offers 100% utilization of space
- Developed area and best location with metro connectivity

We are delivering these spaces, and helping people spend the best 40 hours of a week.

RERA REGISTRATION NO. : PR/GJ/AHMEDABAD/AHMADABAD CITY/AUDA/CAA02030/160318

FOR INQUIRY CONTACT ON : +91 90818 15500, +91 90818 18844

# અનુક્રમણિકા

**કવર સ્ટોરી**

**રમત-ગમત એ જ શ્રેષ્ઠ કસરત**

રમત-ગમત કોઈપણ વ્યક્તિના શારીરિક, માનસિક, સ્વાસ્થ્ય અને સ્વભાવને સુધારે છે. માનવીનાં સર્વાંગી વિકાસ અને સક્રિયતા માટે પણ રમત-ગમત ખૂબ જરૂરી છે. એટલે જ શિયાળાની ઋતુમાં રમત-ગમત એ જ શ્રેષ્ઠ કસરત ગણાય છે...

૨૪-૨૫




- **તંત્રી સ્થાનેથી...**
  રાષ્ટ્ર નિર્માણમાં મહત્વપૂર્ણ એકતા અને શાંતિનાં ગુણો રમત-ગમતથી જ ખીલે છે... ૦૭
- **સંસ્થા સમાચાર**
  બેડીપરા સમસ્ત લેઉવા પટેલ સમાજ-સહયોગી સંસ્થાઓએ 'સરદાર'ને ભાવાંજલિ અર્પી ૦૮
  સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ નવરંગપુરા દ્વારા વિદ્યાપુરસ્કાર અને પસંદગી મેળો યોજાયો ૦૯
- **લગ્ન વિષયક** ૧૦-૧૧
- **માનવતા**
  બ્રેનડેડ કાંતાબેન સાવલિયાએ અંગદાન થકી જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન બક્ષ્યુ ૧૨
- **આચમન**
  સાવધાની ન હોય તો યોગના ઐશ્વર્યો પણ ભૌતિક જગતની જેમ જ ભટકાવી દે તેવા છે ૧૪
- **સમસ્યા**
  કૃષિ ક્ષેત્રે એક ક્રાંતિની જરૂર : ખેડૂતોએ જાતે જ પોતાનો તારણહાર બન્યા વગર છુટકો નથી ૧૬
- **પ્રેરણાદાયી**
  દૂધનાં કારોબારથી ઉજળું જામનગરનું ચાંગાણી દંપતિ : માસિક આશરે અઢી લાખની આવક ૧૯
  સુરતની યુવતીનું અનોખું સ્ટાર્ટઅપ : ભીનો-સુકો કચરો અલગ રાખશો તો રૂપિયા આપશે ૨૦
- **પરિચય**
  શરદ અરવિંદ બોબડે : ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડીયા ૨૨
- **કવર સ્ટોરી**
  રમત-ગમત એ જ શ્રેષ્ઠ કસરત ૨૪-૨૫
- **મિજાજ-એ-મૌસમ**
  શિયાળાની ઋતુ 'કુદરતનો આશીર્વાદ' : થોડીક કાળજી રાખો, સ્વસ્થ રહો, મસ્ત રહો... ૩૦
- **પ્રકૃતિ જતન**
  હાઉસ પ્લાન્ટ: પર્યાવરણને બચાવવાના નામે વિકસી રહેલો બિઝનેસ ૩૩
- **સક્સેસ મંત્ર**
  સુપર સીઈઓના સક્સેસ ફન્ડા : મને જૂની લડાઈઓમાં નહીં, નવાં યુદ્ધોમાં રસ છે! ૩૬
- **ટેકનો ચેલેન્જ**
  ભવિષ્યને ભવ્ય બનાવનારી ટેકનોલોજી કઇ કઇ છે? ૪૦
- **અહા! ચિંતન**
  ડિજિટલ ડિટોક્સ : કરવા જેવું એક ઉમદા કામ! ૪૪
- **વળગણ**
  સતત ગેમ રમવાની ટેવ એક પ્રકારની માનસિક બીમારી છે! ૪૬



## પટેલ સુવાસ

**તંત્રી**
શ્રી દેવજીભાઈ એમ. પટેલ (સોજીત્રા)
મો. ૮૮૬૬૦ ૩૨૮૮૮

**સહતંત્રી**
શ્રી દિવ્યેશ વેકરિયા
મો. ૯૮૭૯૧૧૯૨૦૪

લે-આઉટ ડિઝાઈન : યોગેશ પટેલ



**સંપાદક મંડળ**
શ્રી દેવજીભાઈ એમ. સોજીત્રા
શ્રી હિંમતભાઈ બી. કસવાળા
શ્રી પરસોત્તમભાઈ બી. કકાણી
શ્રી પ્રાગજીભાઈ પી. ગામી

**સલાહકાર સમિતિ**
શ્રી વલ્લભભાઈ કાકડિયા
શ્રી ધરમશીભાઈ મોરડિયા
શ્રી રવજીભાઈ વસાણી
શ્રી ગુણવંતભાઈ સોજીત્રા
શ્રી બાબુભાઈ શેલડીયા
શ્રી પુરૂષોત્તમભાઈ ગેવરિયા

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ - હોદ્દેદારશ્રીઓ**
પ્રમુખ : શ્રી દેવજીભાઈ સોજીત્રા
ઉપપ્રમુખ : શ્રી રમેશભાઈ ડોબરિયા
ઉપપ્રમુખ : શ્રી ઘનશ્યામભાઈ હિરપરા
મંત્રી : શ્રી મનોજભાઈ ડોબરિયા
ખજાનચી : શ્રી મગનભાઈ સેંજલિયા



Published by :
Devjibhai M. Patel
on behalf of
Shree Saurashtra Patel Kelavani Mandal,
Gulbai Tekra, Ellisbridge,
Ahmedabad - 380 006. Gujarat.
Tel. No. 079 - 26307099, 8866032888
Printed by: Kewal Offset,
F-11-38, Ravi Estate,
Nr. Torrent Power Subsation,
Dudheshwar, Ahmedabad-4, Gujarat.
OWNER :
SHREE SAURASHTRA PATEL
KELAVANI MANDAL

# 'પટેલ સુવાસ' : લવાજમ બાબત

**લવાજમ દર**

| વર્ષ | લવાજમ |
|---|---|
| ૧ | રૂ.૩૦૦/- |
| ૩ | રૂ. ૭૫૦/- |
| ૧૦ | રૂ. ૨૦૦૦/- |
| લગ્ન વિષયક : ૧ માસ માટે | રૂ. ૫૦૦/- |

| ધંધાકીય જાહેરાત | વાર્ષિક રૂા. |
|---|---|
| એ - કવર પેજ આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૮૦,૦૦૦/- |
| બી - અંદરનું આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૬૦,૦૦૦/- |
| સી - અડધું પાનુ મલ્ટીકલર | રૂ.૩૦,૦૦૦/- |

**ધંધાકીય જાહેરાત માસિક / ત્રિમાસિક ધોરણે પણ સ્વિકારવામાં આવશે.**

## લવાજમ સ્વિકારવાનું સ્થળ

**અમદાવાદ**

- શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, ગુલાબાઇ ટેકરા, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
- બાપુનગર : પટેલવાડી, ઘંટી સ્ટેન્ડ પાસે.
- મણીનગર : પટેલ સમાજની વાડી.

**અમરેલી**

- શ્રી દિપક ધાનાણી - બાલમુકુંદન મોબાઇલ, તુલસી કેટરર્સ, અજમેરા સ્કૂલ, સ્ટેશન રોડ, અમરેલી. મો. ૯૮૭૯૧ ૧૮૫૦૫

**સુરત**

- શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ ૧૦૧, સુપર ડાયમંડ માર્કેટ, મોહનની ચાલ સામે, વરાછા રોડ, મીની બજાર, સુરત. મો. ૯૮૭૯૫ ૩૧૧૮૩
- શ્રી કિશન કોશિયા - ૩૧૦, સ્વસ્તિક પ્લાઝા, યોગી ચોક, વરાછા, સુરત-૩૯૫ ૦૦૬. મો. ૯૬૮૭૬ ૩૯૯૬૦

**નવસારી**

- શ્રી શંભુભાઈ મુળજીભાઈ કરકર ૯, અયોધ્યાનગર-૧, 'કર્મ', એગ્રિકલ્ચરલ કોલેજ રોડ, મુ. વિજલપોર, જિ.નવસારી. પીન-૩૯૬૪૫૦ મો. ૦૯૪૨૭૧૬૯૯૯૦, ૦૭૬૯૮૨૬૭૫૯૮

**આ અંકમાં રેપર ઉપર છપાયેલી તારીખ તમારૂ લવાજમ પુરૂ થવાનું સુચન કરે છે. તો વહેલી તકે નવું લવાજમ ભરીને 'પટેલ સુવાસ' માસિક મેળવતાં રહો. નોંધ : કમ્પલેઈન માટે મો. નં. ૮૮૬૬૦ ૩૨૮૮૮ પર સંપર્ક કરવો.**

## શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

વેબસાઈટ : **www.sspkm.org** - ઈ-મેઈલ : **sphostel@gmail.com**

ફોન નંબર : **(079) 26307099, 88660 32888**

મોબાઈલ નંબર : **96621 22364, 63520 96322** (વોટ્સએપ માટે)

મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) વેબસાઈટ : **www.pateljeevansathi.org**

'પટેલ સુવાસ'માં લગ્ન વિષયક જાહેરાત આપેલ હશે, તેમને મેટ્રીમોનીયલ વેબસાઈટ પર એક વર્ષ માટે ફ્રી લીસ્ટીંગ આપવામાં આવશે. અન્ય માટે લીસ્ટીંગ ચાર્જ વાર્ષિક રૂ.૫૦૦ લેવામાં આવશે.

**આ વેબસાઈટ પરથી અનેક યુવક-યુવતિઓ (કપલ્સ) જીવનસાથી પસંદ કરીને જીવનમાં સેટ થયા છે. તે સૌને ખૂબ ખૂબ અભિનંદન...**


**જે પાત્રો લગ્નજીવનથી જોડાઇ ચૂક્યા હોય તેઓએ ફોન કરીને જાણ કરવી. જેથી તેમનું નામ લીસ્ટ / વેબસાઈટમાંથી કમી કરી શકાય.**

# રાષ્ટ્ર નિર્માણમાં મહત્વપૂર્ણ એકતા અને શાંતિનાં ગુણો રમત-ગમતથી જ ખીલે છે...

કહેવાય છે કે શિયાળો એ રમત-ગમત માટે શ્રેષ્ઠ ઋતુ છે. આપણા વડીલો અને વિજ્ઞાન બંને પણ શિયાળો એ સ્વાસ્થ્ય જાળવણી માટેનો સૌથી સારો સમય હોવાની પેરવી કરે છે. એટલે જ શિયાળામાં કસરત અને રમત-ગમત દ્વારા આખા વર્ષનું સ્વાસ્થ્ય ભાથું બાંધી લેવાની હિમાયત કરવામાં આવી છે.

શિયાળામાં મોટાભાગનાં લોકો કસરત તરફ વિશેષ ધ્યાન આપે છેતે સારી બાબત છે. પરંતુ માત્ર કસરત પર જ ધ્યાન કેન્દ્રીત કરવું હિતાવહ નથી. જીમમાં આધુનિક સાધનો પર વધુ પડતી કસરત ક્યારેક નુકશાનકારક પણ સાબિત થઈ શકે છે. શિયાળાની ઋતુમાં કસરતની સાથે સાથે સામાન્ય રમત-ગમત સાથે સંકળાઈએ તો પણ શરીરને સ્વસ્થ અને સંતુલીત રાખવામાં મદદ મળી શકે છે. કારણ કે, જીવનમાં રમત-ગમતનું સ્થાન ખૂબ જ મહત્વપૂર્ણ છે. રમત-ગમત વ્યક્તિના શારીરિક, માનસિક, સ્વાસ્થ્ય અને સ્વભાવને સુધારે છે. ટુંકમાં રમત-ગમત સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. શિયાળાની ફુલગુલાબી ઠંડીની શરૂઆત થઈ ગઈ છે, ત્યારે સ્વસ્થ રહેવા માટે કસરત ઉપરાંત રમત-ગમત પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી બની રહે છે.

એક અધ્યયનમાં જણાયું છે કે, રમત-ગમત ચરિત્ર નિર્માણ, નેતૃત્વ કુશળતા વિકસાવવામાં અને લક્ષ્ય નિર્ધારિત કરવાની ક્ષમતા વધારવામાં મદદરૂપ બને છે. નિયમિત રીતે રમત-ગમતની પ્રવૃતિ સાથે જોડાયેલી વ્યક્તિનાં આત્મગૌરવમાં પણ વધારો થાય છે. એટલે જ, વિકાસશીલ તેમજ વિકસિત દેશોમાં રમત-ગમતને સામાન્ય લોકોના સ્વાસ્થ્યમાં સુધારો લાવવા માટેની એક અસરકારક પદ્ધતિ તરીકે પણ સ્વીકારવામાં આવી છે. કોઈ પણ રાષ્ટ્રના વિકાસમાં એકતા અને શાંતિ એ બે વસ્તુઓનું યોગદાન સૌથી મહત્વનું હોય છે, ત્યારે રમત-ગમત દેશના નાગરિકોમાં આ બે ગુણોનો વિકાસ કરે છે અને રાષ્ટ્ર નિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા પણ નિભાવે છે.



સમર્થ રાષ્ટ્રમાં કૃષિ પણ એક મહત્વનો ભાગ ભજવે છે. જોકે, કૃષિ અને કિસાનની આજે દયનિય બનેલી હાલત તરફ પણ લક્ષ્ય આપવું જરૂરી બની ગયું છે. ભારત કૃષિ પ્રધાન દેશ છે, પરંતુ સૌથી વધુ ખરાબ હાલત કૃષિ ક્ષેત્રની જ થઈ રહી છે, જેની સીધી કે આડકતરી અસર લાખો પરિવારો પર પડી રહી છે. સરકાર પણ કૃષિ ક્ષેત્ર તરફે ઉદાસિન જણાઈ રહી છે. એટલે જ લાગી રહ્યું છે કે કૃષિને ઉન્નત કરવા માટે હવે વધુ એક ક્રાંતિની જરૂરિયાત છે. સરકાર હવે કૃષિ ક્ષેત્રને ઉન્નત કરવા અંગે ગંભીર બને એ જ અપેક્ષા...

**જય હિન્દ**

# બેડીપરા સમસ્ત લેઉવા પટેલ સમાજ તથા સહયોગી સંસ્થાઓ દ્વારા 'સરદાર' વલ્લભભાઈ પટેલને ભાવાંજલિ અપાઈ

અખંડ ભારતનાં શિલ્પી, લોહપુરૂષ, નિડર, પ્રામાણિક, વિચક્ષણ રાજપુરૂષ, બાહોશ વહિવટકર્તા, સ્પષ્ટ વક્તા, કુશળ રાજનીતિજ્ઞ વિગેરે જેવા અનેક સદગુણો ધરાવનાર અને ચાણક્ય જેવી બુદ્ધિ પ્રતિભા અને દિર્ઘદ્રષ્ટિવાળા મહામાનવ 'સરદાર' શ્રી વલ્લભાઈ પટેલની જન્મજયંતિ (૩૧ ઓક્ટોબર) નિમિત્તે આ મહાપુરૂષપનું ઋણ સ્વીકાર કરી ભાવાંજલિ અર્પવાનો એક કાર્યક્રમ પટેલ વાડી, બેડીપરા, રાજકોટ ખાતે સમસ્ત શ્રી લેઉવા પટેલ સમાજ - બેડીપરા, શ્રી સરદાર પટેલ સોશ્યલ ગૃપ - બેડીપરા, શ્રી સરદાર પટેલ સોશ્યલ વેલ્ફેર ટ્રસ્ટ તથા શ્રી સરદાર પટેલ મહિલા સોશ્યલ ગૃપ - બેડીપરા, રાજકોટનાં સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પૂર્વ સાસંદ શ્રી શિવલાલ વેકરિયા, પૂર્વ મંત્રી અને ધારાસભ્ય શ્રી ગવિંદભાઈ પટેલ, સમસ્ત લેઉવા પટેલ સમાજના પ્રમુખ શ્રી ધરમશીભાઈ નાથાણી તથા અન્ય હોદ્દેદારો-સદસ્યો સહિત સમાજની અન્ય વિવિધ સ્થાઓના હોદ્દેદારો-સદસ્યો તથા વિશાળ સંખ્યામાં સમાજવાસીઓએ ઉપસ્થિત રહી 'સરદાર' શ્રી વલ્લભાઈ પટેલનાં યોગદાનનું ઋણ સ્વિકાર કરી પુષ્પાહાર/પૂષ્પાંજલિ અર્પણ કરી જય સરદારનાં નારાથી વાતાવરણ ગજવી દીધુ હતું.

આ પ્રસંગે શ્રી શિવલાલભાઈ વેકરિયા તથા શ્રી ગોવિંદભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં 'સરદાર'ના કાર્યને બિરદાવીને તેમનાં જીવનમાંથી પ્રેરણા લેવા જણાવ્યુ હતું.

મહેમાનોનાં હસ્તે દિપ પ્રાગ્ટ કરીને ખુલ્લા મુકાયેલા આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ-બેડીપરાનાં પ્રમુખ શ્રી ધરમશીભાઈ નાથાણીએ તથા આભારવિધિ સમગ્ર સરદાર પટેલ સોશ્યલ વેલ્ફેર ટ્રસ્ટનાં ખજાનચી શ્રી રમેશભાઈ ગોંડલિયાએ કરી હતી. કાર્યક્રમનું સંચાલન માનદ્‌ મંત્રી શ્રી ખીમજીભાઈ લુણાગરિયાએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા સૌએ સહિયારી જહેમત કરી હતી.









# સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ નવરંગપુરા દ્વારા વિદ્યાપુરસ્કાર અને પસંદગી મેળો યોજાયો

સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ, નવરંગપુરા દ્વારા તાજેતરમાં જ સ્વ. ડી.કે. પટેલ હોલ ખાતે ૨૯મો વિદ્યા પુરસ્કાર અને ૧૨માં પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ સમારંભનું અધ્યક્ષ પદ ધારાસભ્ય માન. શ્રી વલ્લભભાઈ કાકડિયાએ શોભાવ્યુ હતું. આ પ્રસંગે ક્રાંતિકારી યુવા દંપતિ નિરવ નાકરાણી, કામધેનુ આયોગના અધ્યક્ષ શ્રી વલ્લભાઈ કથીરિયા અને નેશનલ એવોર્ડ વિનર ફિલ્મ 'રેવા'ના નિર્માતા પરેશ વોરાને સમાજ ગૌરવ સન્માન અર્પણ કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે યોજાયેલ પસંદગી મેળામાં સમાજનાં ૧૭૦થી વધુ યુવક-યુવતિઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે શ્રી વી. પી. પટેલ (આઈ.એ.એસ.) દ્વારા સાંપ્રત સમસ્યા પર વકતવ્ય અપાયુ હતું.

કાર્યક્રમનાં સંયોજક અને સૌરાષ્ટ્ર પાટીદાર સમાજના ટ્રસ્ટી શ્રી ભીમજીભાઈ નાકરાણીએ જણાવ્યુ હતુ કે, આ સમાજે સમગ્ર ગુજરાતમાં પસંદગી મેળાનો પ્રથમ પ્રયોગ કરીને અન્ય સમાજને પ્રેરણા આપી છે. વડીલ વંદના, કૃષિ વૈજ્ઞાનિકોનું સન્માન, સંશોધન સન્માન જેવા કાર્યક્રમો દ્વારા આ નાનકડા સમાજે સમગ્ર પાટીદાર સમાજને નવી દીશા આપી છે. આ પ્રસંગે સમાજનાં ૨૦થી વધુ મહાનુભાવો તથા મોટી સંખ્યામાં સમાજવાસીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા હિતેશ સાવલિયા, ચંદ્રકાંત ભુવા, ધીરૂભાઈ ગોંડલિયા, કિરણ સુતરિયા, દ્વારકાદાસ લાખાણી, હંસરાજ દુધાત, સવજી ગોંડલિયા, ચંદુ ડોબરિયા, ભીખુભાઈ બુટાણી, અશોક ભવાણી, વિકાસ અકબરી અને હિતેશ રામોલિયાએ ભારે જહેમત ઉઠાવી હતી.

**લોકસેવા ટ્રસ્ટ, સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ-નવરંગપુરા,**

**સરદર જયોત, લોકસેવા ક્રેડીટ સોસાયટીનું કાર્યાલય**

**નીચેનાં સરનામે શિફ્ટ કરેલ છે, જેની ખાસ નોંધ લેવી.**

**અભિવ્યક્તિ કોમ્યુનિકેશન્સ**

૭૦૭, આર્યા ઈપોક, મહેતા રેસ્ટોરન્ટની સામે,

વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ફોન : ૦૭૯-૨૭૯૧૦૧૩૨/૧૩૪, મો. ૯૭૨૩૩૩૬૪૮૨

**સુરત :** જી/૨/એ, આઈસીસી બિલ્ડીંગ,

રીંગ રોડ, મજૂરા ગેટ, સુરત

ફોન : (૦૨૬૧) ૪૮૯૦૪૨૧, મો. ૯૯૨૪૨૪૪૧૮૪

## લગ્ન વિષયક



નામ : વસોયા ભૂમિકા રામજીભાઈ
સરનામું : સી-૩, ગેલેક્સી હોમ્સ, દાસ્તાન ફાર્મની સામે, એસ.પી. રીંગ રોડ, કઠવાડા, અમદાવાદ
ફોન : (ઘર) 74330 75406
મોબાઈલ : 94283 50608
ઈ-મેઈલ : vbr6491@gmail.com
જન્મ તા. : 6-4-91 ઉંચાઈ : 5'3" વજન : 51 kg.
અભ્યાસ : B.E. (ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન) (E.C.)
મૂળ વતન : ગામ-વાડાસડા, તા.માણાવદર, જિ.જૂનાગઢ
મોસાળ : પટોળિયા, ગામ-માણાવદર, જિ.જૂનાગઢ
પસંદગી : સમકક્ષ
નોકરી/ધંધો :



નામ : નારિયા શિવાની અશ્વીનભાઈ
સરનામું : ૬, અમુમૈયા સોસાયટી, હાટકેશ્વર મહાદેવ મંદીર પાસે, ખોખરા, અમદાવાદ-380008
ફોન : (ઘર) 79849 96352
મોબાઈલ : 96244 81355
ઈ-મેઈલ :
જન્મ તા. : 15-7-95 ઉંચાઈ : 5'0" વજન : 50 kg.
અભ્યાસ : B.E. (Information Technology)
મૂળ વતન : ગામ-જામનગર
મોસાળ : વોરા, ગામ-ધોરાજી
પસંદગી : નોકરી, બિઝનેસ
નોકરી/ધંધો : Web Designer

**આપ, આ મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) જાહેરાત www.pateljeevansathi.org વેબસાઈટ પર પણ જોઈ શકો છો.**

# લગ્ન વિષયક



નામ : કાછડિયા ધરતી પ્રાગજીભાઈ
સરનામું : બી-૧૦૩, સુમેરૂ સીલ્વર લીફ ટાવર, પાલ, અડાજણ, સુરત
ફોન : (ઘર) 96876 50076
મોબાઈલ : 94275 51012
ઈ-મેઈલ : pvk1964@yahoo.co.in
જન્મ તા. : 28-1-1994 ઉંચાઈ : 5'2" વજન : 45 kg.
અભ્યાસ : Food Science & Nutrition (Dietcian)
મૂળ વતન : ગામ-માંગવાપાળ, તા.અમરેલી, જિ.અમરેલી
મોસાળ : સાકરિયા, ગામ-મોણપર, તા.અમરેલી, જિ.અમરેલી
પસંદગી : Well Set & Qualified (India & Abroad both)
નોકરી/ધંધો : Dietcian in Gujarat Hospital, Surat



નામ : કાનાણી પારસબેન ભરતભાઈ
સરનામું : ઈ-૪૦૧, ગોપીનાથ પ્રાઈડ, સંકેત બંગ્લોઝની બાજુમાં, બાપુનગર, અમદાવાદ
ફોન : (ઘર) 82387 73296
મોબાઈલ : 89803 93228
ઈ-મેઈલ :
જન્મ તા. : 24-5-92 ઉંચાઈ : 5'3" વજન : 50 kg.
અભ્યાસ : B.E. in E.C. Eng.
મૂળ વતન : ગામ-જુના સાવર, તા.અમરેલી, જિ.અમરેલી
મોસાળ : જાગાણી, ગામ-પાડરશીંગા, તા.દામનગર, જિ.અમરેલી
પસંદગી : ડોક્ટર, એન્જિનિયર, ઉચ્ચ શિક્ષણ
નોકરી/ધંધો : 12 Sci. (NEET/JEE) Teaching



નામ : મેઘાણી હર્ષ દેવચંદભાઈ
સરનામું : જી-૩૩/૩૮૫, શિવમ એપાર્ટમેન્ટ, વ્યાસ વાડી નજીક, નવા વાડજ, અમદાવાદ-380013
ફોન : (ઘર) 99986 37653
મોબાઈલ :
ઈ-મેઈલ :
જન્મ તા. : 7-9-91 ઉંચાઈ : 5'11" વજન : 85 kg.
અભ્યાસ : B.E. *Mechanical), PGDP in Mechanical Engineering
મૂળ વતન : ગામ-સમઢિયાળા (મુલાણી), જિ.ભાવનગર
મોસાળ : ગામ-માલાણી, જિ.રાજકોટ
પસંદગી : સાયન્સ ગ્રેજ્યુએટ, એન્જિનિયર, ડૉક્ટર
નોકરી/ધંધો : મિકેનીકલ ડિઝાઈનર નોંધ : કેનેડા PR છે.



નામ : વડાલિયા સંજય હિંમતભાઈ
સરનામું : ૧૨, સુર્યરથ એપાર્ટમેન્ટ, સારથી બંગલોની સામે, સોનલ ચાર રસ્તા, મહાલક્ષ્મી મંદીરની બાજુમાં, મેમનગર,
ફોન : (ઘર) (USA) +1 984 234 8128 અમદાવાદ+52
મોબાઈલ : 97123 86930
ઈ-મેઈલ : sanjayvadaliya@hotmail.com
જન્મ તા. : 27-2-92 ઉંચાઈ : 5'7" વજન : 68 Kg.
અભ્યાસ : M.S. (Mechanical) North Carolina State Uni., USA
મૂળ વતન : ગામ-ફાચરિયા, તા.જાફરાબાદ, જિ.અમરેલી
મોસાળ : વેકરિયા, ગામ-કાકીડીમોલી, તા.ગીર ગઢડા, જિ.ગીર-સોમનાથ
પસંદગી : ગ્રીન કાર્ડ હોલ્ડર, H1B સમકક્ષ
નોકરી/ધંધો : KBR Mechanical Engineer નોંધ : વિઝા H1B



નામ : ધોરાજિયા ભાવિનકુમારરજનીભાઈ
સરનામું : એ-૪૦૩, શ્રીનાથ હેવન, ભક્તિ સર્કલ પાસે, નિકોલ, અમદાવાદ-380049
ફોન : (ઘર) 81600 51530
મોબાઈલ : 97251 20175
ઈ-મેઈલ :
જન્મ તા. : 5-2-86 ઉંચાઈ : 5'6" વજન : 65 kg.
અભ્યાસ : બી.કોમ., એમ.બી.એ.
મૂળ વતન : ગામ-હાથીગઢ, તા.લીલિયા, જિ.અમરેલી
મોસાળ : ગજેરા, ગામ-નાના સમઢિયાળા, તા.ઉના, જિ.જૂનાગઢ
પસંદગી : સ્નાતક જમણો શારીરિક ક્ષતી : પગ આર્ટીફીશિયલ-ધૂંટણ નીચે
નોકરી/ધંધો : સિનિયર ક્લાર્ક, ESI હોસ્પિટલ



નામ : જાગાણી ધવલ જયસુખભાઈ
સરનામું : ૪૩, મધુવન બંગ્લોઝ, કલ્હાર બંગ્લોઝ રોડ, શીલજ, અમદાવાદ-380058
ફોન : (ઘર) 96620 49861
મોબાઈલ : 98980 91986
ઈ-મેઈલ : jljagani@yahoo.co.in
જન્મ તા. : 5-5-91 ઉંચાઈ : 5'11" વજન : 70 kg.
અભ્યાસ : MS in Civil Engg. - Construction Management
મૂળ વતન : ગામ-આંસોદર, તા.લાઠી, જિ.અમરેલી
મોસાળ : સાવલિયા, ગામ-અમૃતવેલ, તા.સાવરકુંડલા, જિ.અમરેલી
પસંદગી : H1B Visa Holder, US Citizen/Green Card Holder, Indian wanting to come to USA for studies or works.
નોકરી/ધંધો : Project Manager, San Francisco
(નોંધ : જાન્યુઆરી-૨૦૨૦માં ઈન્ડિયા આવે છે.)



નામ : કાથરોટિયા તુષારકુમાર વિનુભાઈ
સરનામું : B.No. ૪૭, બાલાજી પાર્ક સોસાયટી, મંજીપુરા રોડ, નડિયાદ-387001, જી.ખેડા
ફોન : (ઘર) 87329 28888
મોબાઈલ : 84010 23288
ઈ-મેઈલ : iniltushar@gmail.com
જન્મ તા. : 3-11-86 ઉંચાઈ : 5'8" વજન : 75 kg.
અભ્યાસ : બેચલર ઓફફાઈન આર્ટ્સ - વિષય : ડ્રોઈંગ એન્ડ પેઈન્ટીંગ
મૂળ વતન : ગામ-ચલાલા, તા.ધારી, જિ.અમરેલી
મોસાળ : શેખડા, ગામ-વિરપુર, તા.ધારી, જી.અમરેલી
પસંદગી : ગ્રેજ્યુએટ યુવતિ
નોકરી/ધંધો : ફેશન ડિઝાઈનર

આપ, આ મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) જાહેરાત www.pateljeevansathi.org વેબસાઈટ પર પણ જોઈ શકો છો.

# લગ્ન વિષયક



નામ : પટેલ (ગુણા) કૃણાલ જયંતિભાઈ
સરનામું : બી/૧૦૧, સૌમિલ એપાર્ટમેન્ટ, (મધુવૃંદ સોસાયટી) ત્રિપદા ઈન્ટ. સ્કુલ પાસે, રન્નાપાર્ક, ઘાટલોડિયા, અમદાવાદ
ફોન : (ઘર) 079-27494666
મોબાઈલ : 94265 52537
ઈ-મેઈલ :
જન્મ તા. : 19-1-89 ઉંચાઈ : 5'10" વજન : 63 kg.
અભ્યાસ : બી.કોમ. + ઈન્ટીરીયર ડીઝાઈનીંગ
મૂળ વતન : ગામ-જંગર, તા.કુંકાવાવ, જિ.અમરેલી
મોસાળ : સોજીત્રા, ગામ-વાંડળિયા, તા.બાબરા, જિ.અમરેલી
પસંદગી : સમકક્ષ
નોકરી/ધંધો : ધંધો



નામ : પટેલ (શ્યાણી) અમી દિલીપકુમાર
સરનામું : બી-૭, વંદના પાર્ક વિભાગ-૨, હિરાવાડી રોડ, બાપુનગર, અમદાવાદ-382345
ફોન : (ઘર) 84014 34628
મોબાઈલ : 74052 52069
ઈ-મેઈલ : dollypatel1993@gmail.com
જન્મ તા. : 5-9-93 ઉંચાઈ : 5'0" વજન : 60 kg.
અભ્યાસ : M.Com., CPA Pursuing
મૂળ વતન : ગામ-નાના ભમોદ્રા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી
મોસાળ : કોઠિયા, ગામ-વીરપુર, તા.ધારી, જિ.અમરેલી
પસંદગી : CPA, IT, Computer, Software Engineer
નોકરી/ધંધો :



નામ : રૂપાવટિયા સન્ની હિમાંશુભાઈ
સરનામું : 'સ્વાગત' ૪-નંદનવન સોસાયટી, ગાયત્રી મંદિર પાછળ, કાલાવડ રોડ, રાજકોટ.
ફોન : (ઘર) 87583 13838
મોબાઈલ : 98253 13838
ઈ-મેઈલ : hrrupavatiy@gmail.com
જન્મ તા. : 7-2-93 ઉંચાઈ : 5'11" વજન : 75 kg.
અભ્યાસ : ડીઝીટલ ડીઝાઈન ઈન મોશન ગ્રાફીક્સ - મીડિયા ટેકનીક ફોર બિઝનેસ
મૂળ વતન : ગામ-જેતલસર (હાલ-રાજકોટ), તા.જેતપુર, જિ.રાજકોટ
મોસાળ : વઘાસિયા, ગામ-જેતપુર, તા.જેતપુર, જિ.રાજકોટ
પસંદગી : કેનેડામાં સ્ટડી અથવા PR
નોકરી/ધંધો : સ્ટડી વીથ જોબ



નામ : દુધાત રોશન ભરતભાઈ
સરનામું : એ-૧૮, પુલીન પાર્ક, માધવ મોલ પાસે, ઠક્કરનગર રોડ, બાપુનગર, અમદાવાદા
ફોન : (ઘર)
મોબાઈલ : 88662 90992
ઈ-મેઈલ : roshanpatel245@gmail.com
જન્મ તા. : 29-9-92 ઉંચાઈ : 6'0" વજન : 68 kg.
અભ્યાસ : BCA
મૂળ વતન : ગામ-ચક્કરગઢ, તા.જિ.અમરેલી
મોસાળ : વોરા, ગામ-સુલતાનપુર, જિ.રાજકોટ
નોકરી/ધંધો : Shree Nandan Couried Ltd., Divion System (JOB), Dudhat Bro's IT Solutions (Business)



નામ : શિયાણી મનોજ નાગજીભાઈ
સરનામું : ૧/૧૯, જય જલારામ સોસાયટી, LBS સ્ટેડીયમ પાછળ, બાપુનગર, અમદાવાદ-380024.
ફોન : (ઘર)
મોબાઈલ : 09638843991, +91 99257 60321
ઈ-મેઈલ : manojshiyani022@gmail.com
જન્મ તા. : 2-11-91 ઉંચાઈ : 5'8" વજન : 55 kg.
અભ્યાસ : B.E. Instrumentation and Control Engineer
મૂળ વતન : ગામ-વંડાલિયા, તા.બાબરા, જિ.અમરેલી
મોસાળ : ગેવરિયા, ગામ-રાજકોટ
પસંદગી :
નોકરી/ધંધો : Marketing Engineer - SAK Instruments (BPL Autho. Dealer)



નામ : પાનસુરિયા મનિષ બાબુભાઈ
સરનામું : બી-૬, નિકલંઠ એપાર્ટમેન્ટ, પુલીન પાર્ક સામે, માધવ મોલ પાસે, ઠક્કરનગર રોડ, બાપુનગર, અમદાવાદ
ફોન : (ઘર)
મોબાઈલ : 98793 59918
ઈ-મેઈલ :
જન્મ તા. : 24-6-90 ઉંચાઈ : 5'5" વજન : 52 kg.
અભ્યાસ : Laser Technical Engineer
મૂળ વતન : ગામ-મોટા મુંજિયાસર (હાલ-અમદાવાદ)
મોસાળ : ગોધાણી, ગામ-ભલગામ
પસંદગી :
નોકરી/ધંધો : Priyal Auto Garage (Business)



નામ : કિકાણી સચીન જયસુખભાઈ
સરનામું : ૧૦૨/૧, દાનેવ પાર્ક સોસાયટી, જીવન વાડી ગેટ નં.૧, નિકોલ ગામ રોડ, અમદાદ-382350.
ફોન : (ઘર) 98792 80370
મોબાઈલ : 89806 72404
ઈ-મેઈલ : sachinkikani019@gmail.com
જન્મ તા. : 29-11-95 ઉંચાઈ : 5'7" વજન : 58 kg.
અભ્યાસ : B.Tech. (Chemical Engineer)
મૂળ વતન : ગામ-સાજળટિંબા, તા.લીલિયા, જિ.અમરેલી
મોસાળ : વસાણી, ગામ-નાની કુંકાવાવ, તા.મોટી કુંકાવાવ, જિ.અમરેલી
પસંદગી : ગ્રેજ્યુએટ - અધર (Other Engi., M.Com., M.B.A.)
નોકરી/ધંધો : Deepak Nitret Ltd.



નામ : નસીત વિરલ કિરીટભાઈ
સરનામું : ૩૦૪, પ્રભાત કોમ્પલેક્ષ-૧, ૨, રેસકોર્સ રોડ, રાજકોટ (ગુજરાત) 360001
ફોન : (ઘર) 94290 96058
મોબાઈલ : 98796 23968
ઈ-મેઈલ : viralp@g.clemson.edu
જન્મ તા. : 24-5-90 ઉંચાઈ : 5'7" વજન : Status - US Citizen
અભ્યાસ : B.Sc. Business Management, Minor in Mkg. & Maths from clemson.uni. Sc. USA
મૂળ વતન : ગામ-રાજકોટ, તા.જિ.રાજકોટ
મોસાળ : રામાણી, ગામ-અમરેલી, તા.જિ.અમરેલી
પસંદગી :
નોકરી/ધંધો : વેપાર - પટેલ એન્જી. કું. (સૌ) પ્રા. લી.

આપ, આ મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) જાહેરાત www.pateljeevansathi.org વેબસાઈટ પર પણ જોઈ શકો છો.

## શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળમાં નવા ટ્રસ્ટી તરીકે જેઓએ સંમતિ આપી છે તેમને ટ્રસ્ટી મંડળ તથા સંસ્થા તરફથી ખૂબ ખૂબ અભિનંદન...



**(૧) શ્રી રમણિકભાઈ મોહનભાઈ સતાણી**

**(૨) શ્રી દેવચંદભાઈ ભીખાભાઈ સાવલિયા**

**(૩) શ્રી ભરતભાઈ રાઘવભાઈ હિરપરા**

**(૪) શ્રી ભીખુભાઈ પરસોત્તમભાઈ ક્યાડા**

**(૫) શ્રી પુરૂષોત્તમભાઈ પોપટભાઈ ગજેરા**

**(૬) શ્રી જીવરાજભાઈ મનજીભાઈ સુદાણી**

**(૭) શ્રી હિમ્મતભાઈ વલ્લભભાઈ કરકર**



**અન્ય સમાજશ્રેષ્ઠીઓને પણ ટ્રસ્ટી બની મદદરૂપ થવા નમ્ર વિનંતી...**

# ઉત્સવ દોમડિયા અને તેની ટીમે તૈયાર કરેલ ટ્રાફિક અને પાર્કિંગ પ્રોજેક્ટની વિશ્વ કક્ષાએ રજૂઆત

ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા આજે વિકરાળ બની રહી છે ત્યારે આ સમસ્યા હલ કરતો વલસાડની ઈજનેરી કોલેજનાં વિદ્યાર્થીઓનો પ્રોજેક્ટ નવેમ્બર-૨૦૧૯માં ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ખાતે યોજાયેલ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ટ્રાન્સપોર્ટ એન્ડ હેલ્થમાં રજૂ થયો હતો. 'સ્માર્ટ સીટીઝ, પરિવહનની પળોજણ અને તંદુરસ્ત માનવ' વિષય પરની મુખ્ય થીમ સાથે પરિવહન અને આરોગ્યને લગતી મેલબોર્ન ખાતે યોજાયેલી વૈશ્વિક કોન્ફરન્સમાં મુળ સૌરાષ્ટ્રનાં અમરેલીનાં લીલિયા તાલુકાના ઢાંગલાનાં વતની ઉત્સવ દોમડિયા અને વલસાડની ઈજનેરી કોલેજની તેની ટીમ કેયુર દેવગણિયા, હર્ષદ ડભોયા અને કુમારી ધ્રુવી સાંગાણી દ્વારા પ્રો. ધવલ બારોટ, સિવિલ એન્જિનિયરિંગ વિભાગના હેડ પ્રો. દેવેન્દ્ર પટેલ અને પ્રિન્સીપાલ ડૉ. સંજય જોષીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.



આ પ્રોજેક્ટ માટે વલસાડ સ્ટેશન પર ટ્રાફિક અને પાર્કિંગ અંગેનો અભ્યાસ હાથ ધરાયો હતો. વલસાડ સ્ટેશન પર ટ્રાફિક પાર્કિંગની સમસ્યાનું નિવારણ લાવવા ગત વર્ષે ફેબ્રુઆરીમાં ત્રણ દિવસીય પાર્કિંગ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. આ દરમિયાન ટીમે પાર્કિંગ માટેની જુદી-જુદી ડિઝાઈન, ઓડ-ઈવન પાર્કિંગ ફોર્મ્યુલા વિગેરે પર વર્ક કરીને અધ્યયન હાથ ધર્યું હતું. જેમાં પાર્કિંગની સમસ્યા ઘટવાથી અને રાહદારીઓને પહોળી ફૂટપાથ મળવા સાથે રોડ પણ સ્વચ્છ રહેતો હોઈ ભવિષ્યમાં પ્રદુષણની માત્રા ઘટવાથી લોકોનું સ્વાસ્થ્ય પણ સારૂ રહેશે. પ્રોજેક્ટ અંતર્ગત લોકભાગીદારીથી દબાણો હટવાથી લોકોને સારી સુવિધાઓ પણ મળી રહેશે. આ પ્રોજેક્ટ વિશ્વ કક્ષાએ ૪૦થી વધુ દેશોનાં ડેલિગેટ્સની હાજરીમાં ૨૨ વર્ષિય ઉત્સવ દોમિડયાએ રજૂ કર્યો હતો, જે ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યા હલ કરવામાં મદદરૂપ થઈ શકે તેમ છે.

ઉત્સવ હાલ અમેરિકાની પ્રખ્યાત યુનિવર્સિટી ઓફ ટેક્સાસ, આર્લીંગટન ખાતેથી ગ્રેજ્યુએટ રિસર્ચ આસિસ્ટન્ટ તરીકે અને માસ્ટર ઓફ સિવિલ એન્જિનિયરિંગનાં બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. ઉત્સવ રમત-ગમતમાં પણ નિપૂણ છે અને અગાઉ તે તરણ સ્પર્ધામાં ત્રણ ગોલ્ડ સહિત સાત ચંદ્રક મેળવી ચૂક્યો છે. ઈન્ટરનેશનલ કક્ષાએ ટ્રાફિક પ્રોજેક્ટની રજૂઆતથી ઉત્સવે વલસાડ, સુરત અને ગુજરાત સહિત સમગ્ર પટેલ પણ સમાજનું ગૌરવ વધાર્યું છે.

અંતર્ગત ૭૫૦,૦૦૦ રૂપિયાનું ફંડિંગ પણ કરવામાં આવ્યું છે. ઈકલોરા ગામમાં પાયલોટ પ્રોજેક્ટની વિડિયોગ્રાફી ગોલ્ડમેન બેન્કને મોકલવામાં આવી હતી. ત્યાર બાદ બેન્ક દ્વારા વિડિયો દ્વારા ત્રણ ઈન્ટરવ્યું કરવામાં આવ્યા હતાં. પછી ઓનલાઈન મિટિંગ પણ કરવામાં આવી હતી. તે મિટિંગમાં સિલેક્શન કરવામાં આવ્યું અને ન્યુયોર્કમાં બોલાવીને ૭૫૦૦૦૦ના ફૈલોશિપ માટે આ પ્રોજેક્ટની પસંદગી કરવામાં આવી છે.

> સ્વચ્છ શહેર મિશન માટે સુરતનાં ભેસ્તાનની શ્વેતાએ ડેવલપ કરેલા સ્ટાર્ટઅપને અમેરિકાની ગોલ્ડમેન બેન્ક દ્વારા પણ ફેલોશિપ અંતર્ગત ૭૫૦,૦૦૦ રૂપિયાનું ફંડિંગ કરવામાં આવ્યું છે...

**સ્ટાર્ટઅપ આ રીતે કરે છે કામ...**

સ્ટાર્ટઅપ અંતર્ગત એક એપ્લિકેશન બનાવવામાં આવી છે. જે લોકો સુકો અને ભીનો કચરો અલગ રાખે છે તે લોકો આ એપ્લિકેશનમાં રજિસ્ટ્રેશન કરાવી શકશે. ત્યાર બાદ સ્ટાર્ટઅપ દ્વારા રજિસ્ટ્રેશન કરાવનાર લોકોના ઘરેથી સુકો અને ભીનો કચરો એકત્રીત કરવામાં આવશે. તે બદલ તેમને રિવોર્ડ મળશે, જેનું તેઓ રૂપિયામાં રૂપાંતર કરાવી શકશે.

એકત્રીત થયેલા કચરાને અલગ અલગ કંપનીઓને વેચવામાં આવશે. જેમ કે, ખાતર બનાવતી કંપની ભીનો કચરો લઈ જશે. નકામા પ્લાસ્ટિકનો રિયુઝ કરીને વસ્તુઓ બનાવતી કંપનીને પ્લાસ્ટિકનો કચરો આપવામાં આવશે.

આ આઈડિયાને આગળ વધારવા માટે સુરતમાં જીટીયું, અમદાવાદમાં આઈક્રિએટ, ઈગ્નાઈટમાં આઈડિયા રજૂ થશે તેમજ પ્રઝેન્ટેશન દ્વારા આઈડિયા યોગ્ય હશે અને સિલેક્ટ થશે તો સંસ્થાઓ તરફથી પ્રક્રિયા પૂરી કરી ફંડિંગ આપવામાં આવેશે. ઈન્ટરનેશનલ લેવલ પર પણ અનેક કંપનીઓ દ્વારા સ્ટાર્ટઅને ફંડિંગ પુરુ પાડવામાં આવે છે. જો આ પ્રોજેક્ટ સફળ રહેશે તો અન્ય સંસ્થાઓ પણ આ મોડલ પર આગળ વધવા પ્રેરાશે.

---


# શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

## કુમાર અને કન્યા છાત્રાલય આયોજિત

## છઠ્ઠો રમતોત્સવ (તા.૨૬/૦૧/૨૦૨૦)

**છઠ્ઠા રમતોત્સવના સ્પોન્સરને અભિનંદન**

**ડ્રેસ સ્પોન્સર**

શ્રી રાજેશભાઈ ધીરૂભાઈ ગોંડલિયા

KAKA® PVC PROFILE "Smart People, Smart Choice"

KAKA PVC PROFILE PVT. LTD.

**મેડલ સ્પોન્સર**

રમેશભાઈ કાનાણી - દિક્ષીત કાનાણી

મેહુલ કાનાણી - જયરાજ કાનાણી

D. KANANI GROUP

D KANANI GROUP, AHMEDABAD

**મુખ્ય સ્પોન્સર**



વીર સાવરકર મોર્નીંગ ગૃપ, બાપુનગર

શ્રી દિલીપભાઈ કોઠિયા, શ્રી વિનુભાઈ ગેવરિયા,
શ્રી બાબુભાઈ વોરા, શ્રી નરેશભાઈ જોગાણી,
શ્રી ભરતભાઈ ભુવા,
શ્રી એન. કે. પટેલ (મામલતદાર),
શ્રી ધીરૂભાઈ ઝાલાવાડિયા (નાયબ મામલતદાર),
શ્રી ભૂપતભાઈ ભાલાળા, શ્રી મુકેશભાઈ વેકરિયા
અને ગૃપ મેમ્બર્સ

**કો-સ્પોન્સર**

ARYA FINANCIAL SERVICES

Aarya Group

*Home Loan,*
*Mortgage Loan,*
*Machinary Loan,*
*Project Loan, OD/CC Loan*

436-440, Royal Arcade, Sarthana Jakat Naka,
Varachha Road, Surat. Mo. 98795 31183

**કો-સ્પોન્સર**

TRIRANGA INFRA, AHMEDABAD

શ્રી સુજીતકુમાર પટેલ (સાવલિયા)
ભુતપૂર્વ વિદ્યાર્થી - કુમાર છાત્રાલય
શ્રીમતી રીનાબેન સુજીતકુમાર સાવલિયા
ભુતપૂર્વ વિદ્યાર્થી - કન્યા છાત્રાલય

તા.ક. : છઠ્ઠા રમતોત્સવના અન્ય સ્પોન્સર્સ આવકાર્ય છે.